Extra No. 62

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, FEBRUARY 26, 2026 / PHALGUNA 07, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) અધ્યક્ષશ્રી, કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ ના પત્ર નં. DO-CBSE/SECRET/DM-DC/2026 Dt.02/02/2026.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩.

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૨૩૩૮ થી ૨૪૦૩/૨૦૨૬.–સંદર્ભ - ૧ ના પત્રની વિગતોએ પાટણ જિલ્લામાં કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ, દિલ્હી દ્વારા તા.૧૭/૦૨/૨૦૨૬ થી તા.૧૧/૦૪/૨૦૨૬ સુધી કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની કલાસ ૧૦ અને ૧૨ની પરીક્ષા પાટણ જિલ્લાની (૧)ઓક્સફોર્ડ ઈંગ્લીશ સ્કૂલ, પાટણ (૨)ભગવતી ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, પાટણ અને (૩) ક્રિષ્ના ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, પાટણ ખાતેના પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. આ પરીક્ષા બિલ્ડીંગની આજુબાજુ પરીક્ષા દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

વાસ્તે હું હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરુ છું કે, સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લા (૧)ઓક્સફોર્ડ ઈંગ્લીશ સ્કૂલ, પાટણ (૨)ભગવતી ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, પાટણ અને (૩) ક્રિષ્ના ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, પાટણ ખાતે આવેલ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/ સેલ્યુલર/ ફોન / પેજર / કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ /ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવાતા કેન્દ્રો ચાલુ રાખવા નહી.

અપવાદ :- આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ/સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(૩) ફલાઇંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

સદરહું આદેશનો ભંગ કરી કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન / પેજર / કોર્ડલેસ ફોન/ સ્માર્ટ વોચ/ ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ્મ કરી શકશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હિરેન ચૌહાણ, GAS,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 12:51:10 IST